सत्यमेव जयते

| | |
|---|---|
| કેસ દાખલ તારીખ | ૦૬–૧૦–૨૦૨૨ |
| કેસ નોંધણી તારીખ | ૦૬–૧૦–૨૦૨૨ |
| કેસ ફેંસલ તારીખ | ૧૨–૧૧–૨૦૨૨ |
| સમયગાળો | વર્ષ–માસ–દિવસ |
| | |

**જામજોધપુરના મહેરબાનશ્રી જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.જામજોધપુર.**

ફો.કે.નં.૮૬૯/૨૦૨૨
આંક:–૫

**ફરિયાદી** :– શ્રીસરકાર

–:: વિરુધ્ધ ::–

**આરોપી** :– પ્રફુલભાઈ રસીકભાઈ ભાલોડીયા,
ઉ.વ.૪૩,ધંધો: મજુરી,
રહે.જામજોધપુર ગામ,
તા.જામજોધપુર,જી.જામનગર.

ગુનો : **ગુજરાત નશાબંધી ધારાની કલમ–૬૬ (૧) (બી), ૮૫(૧) વિગેરે મુજબ...**

**:: ચુ કા દો ::**

**(૧)** ફરીયાદપક્ષના કેસની હકિકત ટુંકમાં એવી છે કે,આરોપી સામે ગુજરાત નશાબંધી આધારે કલમ–૬૬(૧)બી, ૮૫(૧) મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે કાર્યવાહી કરવા

અંગે સબંધિત પોલિસ સ્ટેશન દ્રારા ચાર્જસીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે. સદરહું ચાર્જસીટ જોતા તેમાથી એ સ્પષ્ટ થાય છે કે આરોપીએ ચૌકકસ સમયે અને જગ્યાએ જાહેરમાં પાસપરમીટ વગર કેફી પ્રવાહી પીધેલ હાલતમાં મળી આવેલ છે. આમ કલમ–૮૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનાના મુખ્ય તત્વો સાર્વજનીક સ્થળે ચાકઠો બનેલો હોય અને ઉપદ્રવ ઉભુ કરતો હોય, કોઈ વ્યકિત સાથે ઝગડો કરતા હોય, અપ શબ્દો અથવા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોય અને બીજા સાથે મારા મારી કરતો હોય, કોઈપણ સ્ત્રી સાથે ગેરવર્તન કરતો હોય અથવા અશ્લીલ ચેડ ચાડ કરતો હોય તેવી કોઈ હકિકત રેકર્ડ પરથી જણાતી નથી. આમ, ચાર્જસીટ અને તેમની સાથેનુ નિવેદન વંચાણે લેતાં તેમની કલમ ૮૫(૧) મુજબનો ગુનો પ્રથમ દર્શનીય જ બનતો હોય તેવુ જણાતુ નથી.

(૨) આરોપી કોર્ટમાં હાજર થતા તેવોને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાત્રી કરે છે.

(૩) આરોપી વિરુધ્ધ ચાર્જ ફ્રેમ કરી પ્લી રેકર્ડ કરતા ગુનો કબુલ કરેલ હોવાનું જણાવેલ છે.

(૪) આરોપીએ ગુના કબુલાત પુરશીસ આપી એમ જાહેરાત કરેલ છે કે, મારો આ પ્રથમ ગુનો છે, અને સામાન્ય અને ગરીબ વર્ગના છીએ, અમારે કોઈ સ્થળે ધંધો નથી, અમે છુટક મજુરીનુ કામ કરીએ છીએ, અમને મજુરી પણ દરરોજ મળતી નથી. જેથી અમો અમારા તેમજ અમારા કુટુંબનુ ગુજરાન કરી શકીએ તેવી સ્થીતીમા ન હોવાથી અમે તનાવમાં દારૂ પી લીધેલ. આમ દારૂ પીધેલ હાલતમાં કોઈ ઉપદ્રવ કરેલ નથી, જગડો કરેલ નથી,અસભ્ય વર્તન કરેલ નથી, અશિષ્ટ ભાષા વાપરેલ નથી કે મારા મારી કરેલ નથી અને આ મુજબનો અમારા વિરુધ્ધ આક્ષેપ પણ નથી. ચાર્જસીટમા જાહેર રસ્તામા વગર પાસ પરમીટે દારૂ પીધેલ હાલતમાં ચાકઠો બની લ ઠડીયા ખાતો મળી આવ્યાનો માત્ર આક્ષેપ છે. અમારી આર્થિક પરીસ્થિતી સારી ના હોય,પુરતી રોજગારી પણ ન હોય, સાહેદ ચાલતા દરમ્યાન અમારે વારંવાર કોર્ટમા આવવાની જરૂર પડે, ઉપરાંત વકીલ રોકીને પૈસા ખર્ચવાની જરૂર રહે, અને અમોને કયારેક રોજગારી મળે તે પણ ખોરવાઈ જાય તે તમામ હકિકતો ધ્યાને લેતા આ અમારો પ્રથમ ગુનો હોય અમો અમારી ભુલ સુધારવા માંગીએ છીએ અને કોર્ટની કાર્યવાહીમા સમયનો નાણાનો વ્યય અમારો તથા કોર્ટનો ન થાય તેવો માફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજેરી છે.

આરોપીએ ખરેખર સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે.

(૫) તમામ રેકર્ડ પરની હકિકતો લક્ષમાં લેતાં વગર પાસ પરમીટે દારૂ પી ચાકઠો બની લથડીયા ખાતો હોવાનો આક્ષેપ માત્ર છે.આરોપી વિરુધ્ધ ફરીયાદ પક્ષનો એવો કોઈ આક્ષેપ નથી કે આરોપીએ ચૌકકસ સમયે અને જગ્યાએ જાહેરમા પાસ પરમીટ વગર કેફી પ્રવાહી પી ને સાર્વજનીક સ્થળમા ચાકઠો બનેલ હોય અને ઉપદ્રવ ઉભો કરતો હોય, કોઈ વ્યકિત સાથે જગડો કરતો હોય, અપ શબ્દ અથવા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોય અને બીજા સાથે મારા મારી કરતો હોય, કોઈ પણ સ્ત્રી સાથે ગેરવર્તન કરતો હોય અથવા અશ્લીલ છેડ છાડ કરતો હોય તેવી કોઈ હકિકત રેકર્ડ પરથી જણાતી નથી. આમ, ચાર્જસીટ અને તેમની સાથેનુ નિવેદન વંચાણે લેતા તેમાથી કલમ–૮૫(૧) મુજબનો ગુનો પ્રથમ દર્શનીય હોય તેવુ જણાતુ નથી. આ ગુનાના ઠરાવ માટે હાલના અમુક સરકારી અમલદાર ફરીયાદી, સરકારી અમલદાર સાહેદ, પંચો, સરકારી અધિકારી, ડોકટર સાહેબ અને સરકારી અધિકારીની તમામ તપાસ કરનાર અમલદારની તપાસ્યા બાદની જો વ્યાજબી શંકાથી કોર્ટ પુરાવો રેકર્ડ પર આવે ત્યારે આરોપીની કલમ–૬૬(૧) બી મુજબની સજા થાય. વર્તમાનમાં કોર્ટમા પેન્ડિંગ કેસની સાથે નવો દાખલ થતા કેસોનુ પ્રમાણ લક્ષમા લેતા ટુંકા સમયમાં હાલના ગુનાને ટ્રાયલ ચલાવીને પુરી કરવી સંભવી શકે નહી.

આરોપીનો સમય, ફરીયાદી પોલિસ સરકારી વકિલનો સમય, સરકારી સાહેદોનો સમય, કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતીત થાય અને ટ્રાયલના અંતે અરોપી કસુરવાર ઠરે ત્યારે સજા અંગે ન્યાયીક હુકમ કરવામા આવે તેના બદલે જો આરોપી પ્રથમ મુદતે હાલનો ગુનો કબુલ કરે છે. ત્યારે તેણી ગુના કબુલ સદરહું રજુ થયેલ હકિકતને સાથે સરકારી તથા કોર્ટના અને પક્ષકારોનો જે સમય બચે છે તે અન્ય ગંભીર ગુનામા ઉપયોગ કરી શકે તેમ હોય ઉપરાંત આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ પર આવેલી તમામ હકિકતો અને તમામ પરીસ્થિતી ધ્યાને લઈ તેમજ **ગુજરાત રાજય વિરુધ્ધ નટવર હરીચંદજી ઠાકર ૨૦૦૫ (૧) જી.એલ.આર. ૭૦૯** ચુકાદામા નામદાર વડી અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લઈ નકિક કરેલી ઓછામા ઓછી સજા કરતા ઓછી સજા કરવી, ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયના હિતમાં જળવાઈ રહે તેમ હોય ઉપરોકત સજા ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

:: **હુકમ** ::

૧. ક્રી.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે આરોપીને ધી ગુજરાત પ્રોહી.એકટની કલમ–૬૬(૧)(બી)મુજબના શિક્ષાપાત્ર ગુના બદલ કોર્ટ ઉઠતાં સુધીની સજા તથા રકમ ૨૦૦ (અંકે– બસો રૂપીયા પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન–૩ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીના અગાઉ રજુ કરેલા ખર્ચ તથા જાત મુચરકો ફોજદારી કાર્યવાહી સંહિતા ૧૯૭૩ ની કલમ–૪૩૭ (એ) હેઠળ ૬ માસ પુરતા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ: ૧૨, માહે: નવેમ્બર, સને: ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા. ૧૨– ૧૧–૨૦૨૨,
સ્થળ:જામજોધપુર.

**(અશોક ગોકળભાઈ માલાણી)**
જી.જે.૦ ૧૩૮૭
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
જામજોધપુર.